માઉસ સૂપ

આર્નોલ્ડ લોબેલ



માઉસ સૂપ

આર્નોલ્ડ લોબેલ





સૂપ માટે વાર્તાઓ



એક ઉંદર એક ઝાડ નીચે બેઠો હતો.

એ એક ચોપડી વાંચી રહ્યો હતો.



એક નોળીયા એ છલાંગ

લગાવી અને ઉંદર ને પકડી
લીધો.

નોળિયો એને ઘરે લઈ ગયો.

"વાહ!" નોળીયા એ કહ્યું.

"હું તારું માઉસ સૂપ બનાવીશ."

"ઓહ!" ઉંદરે કહ્યું.

"અચ્છા તો હું માઉસ સૂપ બનવા જઈ રહ્યો છું."





"પણ મારી પાસે કોઈ વાર્તાઓ નથી,"

નોળીયા એ કહ્યું.

"પણ મારી પાસે વાર્તાઓ છે," ઉંદરે કહ્યું.

"હું એને હમણાં સંભળાવી શકું છું."

"ઠીક છે," નોળીયા એ કહ્યું.

"પણ જલ્દી કર. મને બહુ ભૂખ લાગી છે."

"જો, સૂપ માં નાખવા માટે આ રહી ચાર

વાર્તાઓ," ઉંદરે કહ્યું.

નોળીયા એ ઉંદર ને ખાવાનું બનાવવાના વાસણ
માં નાખી દીધો.

"ઉભા રહો!" ઉંદરે કહ્યું.

"આ સૂપ નો સ્વાદ સારો નહીં થાય.

કારણકે એમાં કોઈ વાર્તા નથી.

મોઉસ સૂપ ને સારું અને સ્વાદિષ્ટ બનાવવા માટે

એમાં વાર્તાઓ ભેળવવી જોઈએ."





મધમાખી અને કાદવ



એક ઉંદર જંગલ માં ચાલી રહ્યો હતો.

ત્યાં એક ઝાડ પરથી મધમાખી નો
મધપૂડો તૂટી ને નીચે પડયો.

એ મધપૂડો સીધો એના માથા પર પડયો.

"મધમાખી," ઉંદરે કહ્યું, "તમારે અહીં થી

ઉડવું પડશે.

હું મારા માથા પર મધપૂડો નથી ચાહતો."





પણ મધમાખીઓ એ કહ્યું,

"અમને તમારા કાન પસંદ છે,

અમને તમારું નાક પસંદ છે,

અમને તમારી મૂછો પસંદ છે.

હા, અમારા મધપૂડા માટે આ

એક સરસ જગ્યા છે.

અમે અહીં થી ક્યારેય ઊડશું નહીં."

ઉંદર પરેશાન થયો.

એને સમજાયું નહીં કે એ શું કરે.

મધમાખી નો ગણગણાટ બહુ મોટો હતો.

ઉંદર આગળ વધ્યો.

એ એક કાદવવાળા કળણ પાસે આવ્યો.

"મધમાખી," ઉંદરે કહ્યું,

"મારી પાસે પણ તમારા જેવું રહેવાનું ઘર છે.

જુઓ, આ મારુ ઘર છે.

તમે ચાહો તો મારા માથા પર જ બેસો.

પણ તમને મારી સાથે મારા ઘરે આવવું પડશે."

"ઠીક છે," મધમાખીઓ એ કહ્યું.

"અમને તારા કાન પસંદ છે,

અમને તારું નાક પસંદ છે,

અમને તારી મૂછો પસંદ છે.

અમને તારી સાથે ઘરે જવાની ખુશી થશે."



"બહુ સારું," ઉંદરે કહ્યું.

એ ઘૂંટણ સુધી કાદવ માં ચાલ્યો ગયો.

"જુઓ આ મારો આગળનો દરવાજો છે,"

ઉંદરે કહ્યું.

"ઠીક છે," મધમાખીઓ એ કહ્યું.



પછી ઉંદર કમર સુધી કાદવ માં ચાલ્યો ગયો.

ઉંદરે કહ્યું, "આ મારો બેઠકખંડ છે."

"ઠીક છે," મધમાખીઓ એ કહ્યું.



પછી ઉંદર હડપચી સુધી કાદવ માં ચાલ્યો ગયો.

"આ મારો સૂવાનો રૂમ છે," ઉંદરે કહ્યું.

"ઠીક છે," મધમાખીઓ એ કહ્યું.




"અને હવે હું સૂવા જઈશ," ઉંદરે કહ્યું.

એણે એનું માથું કાદવ માં નમાવ્યું.

"અરે નહીં," મધમાખીઓ એ કહ્યું.

"અમને તારો આગળ નો દરવાજો પસંદ છે.

અમને તારો બેઠકખંડ પસંદ છે.



પણ ના, ના, ના,

અમને તારો સૂવાનો રૂમ પસંદ નથી!"

પછી મધમાખીઓ હવા માં ઉછળી અને ઉડી ગઈ.

અને ઉંદર નહાવા માટે એને ઘરે ચાલ્યો ગયો.



બે મોટા પથ્થર

એક ટેકરી ને કિનારે બે મોટા પથ્થર પડયા હતા.


ત્યાં ઘાસ અને ફૂલ ઉગ્યા હતા.

"ટેકરી નો આ કિનારો સરસ છે,"

પહેલા પથ્થરે કહ્યું.

"પણ મને અચરજ થાય છે કે ટેકરી ની

બીજી બાજુ શું હશે?"



"આપણને ખબર નથી. અને આપણે એ ક્યારેય જાણી પણ નહીં શકીયે," બીજા પથ્થરે કહ્યું.



એક દિવસ એક પક્ષી ઉડી ને નીચે આવ્યું.

"પક્ષી, શું તું અમને જણાવી શકીશ કે

ટેકરી ની બીજી બાજુ શું છે?" પથ્થરો

એ પૂછ્યું.

પક્ષી આકાશ માં ઉડી ગયું.

એણે ટેકરી ની ઉપર ઊંચી ઉડાણ ભરી.

એ પાછું ફર્યું અને બોલ્યું,

"મને ત્યાં નગર અને મહેલ દેખાયા.

મને ત્યાં પર્વત અને ઘાટી દેખાયા.

એ એક અદ્ભૂત દ્રશ્ય છે."



પહેલા પથ્થરે કહ્યું, "એ બધી સારી વસ્તુઓ ટેકરી

ની બીજી બાજુ છે."

"આ કેટલી દુઃખદ વાત છે," બીજા પથ્થરે કહ્યું.

"આપણે એને જોઈ નહીં શકીયે. આપણે એને
ક્યારેય જોઈ નહીં શકીયે."

બંને પથ્થર ટેકરી ના કિનારે પડયા રહ્યા.

બંને પથ્થર સો વર્ષો સુધી દુઃખી રહ્યા.





ઉંદર ટેકરી પર ચઢ્યો.
એણે એનું નાક ટોચ પરથી ઉપર ઉઠાવ્યું
અને નીચે જોયું.
એ પાછો ફર્યો અને કહ્યું,
"મને ત્યાં માટી અને પથ્થર દેખાયા.
મેં ત્યાં ઘાસ અને ફૂલ પણ જોયા.
એ એક અદ્ભૂત દ્રશ્ય હતું."

એક દિવસ એક ઉંદર ત્યાંથી નીકળ્યો.
"ઉંદર, શું તું અમને જણાવી શકે છે કે ટેકરી
ની બીજી બાજુ શું છે?" પથ્થરો એ પૂછ્યું.



પહેલા પથ્થરે કહ્યું,

"અચ્છા તો પક્ષીએ અમને જૂઠું કહ્યું.


ટેકરી ની બીજી બાજુ પણ

ટેકરી ની આ બાજુ જેવી જ છે."

"સારું છે!" બીજા પથ્થરે કહ્યું.

"હવે અમે ખુશ છીએ.

હવે અમે હંમેશા ખુશ રહેશું."





કંસારી

એક રાતે ઉંદર જાગી ગયો.

એની બારી ની બહાર ચીંચીં અવાજ


આવી રહ્યો હતો.

"આ અવાજ શેનો છે?"

ઉંદરે પૂછ્યું.

"તમે શું કહ્યું?" કંસારી એ પૂછ્યું.

"હું તમારી વાત સાંભળતી વખતે મારુ
સંગીત વગાડી ન શકું."



"મારે સૂવું છે," ઉંદરે કહ્યું.

"મારે સંગીત નથી જોઈતું."



થોડી વાર માં ત્યાં બે કંસારી અવાજ કરવા લાગી.


"હું ચાહું છું કે તમે તમારું સંગીત બંધ કરો,"


ઉંદરે કહ્યું.

"આ સંગીત મારે માટે ઘોંઘાટ છે!"

"તમે શું કહ્યું?" કંસારી એ પૂછ્યું.

"તમારે વધારે સંગીત જોઈએ છીએ? હું
તમારા માટે એક મિત્ર શોધું છું."






થોડી વાર માં ત્યાં ત્રણ કંસારી અવાજ કરવા લાગી.

ઉંદરે કહ્યું, "તમારે સંગીત બંધ કરવું પડશે.

હું થાકી ગયો છું.

હું વધારે સંગીત સહન નહીં કરી શકું!"



"તમે શું કહ્યું?" કંસારી એ પૂછ્યું.

"તમારે વધારે સંગીત જોઈએ છીએ?

તો અમે હજી એક મિત્ર શોધીયે."

"તમે શું કહ્યું?" કંસારી એ પૂછ્યું.

"તમને હજી વધારે સંગીત જોઈએ

છીએ?

અમે અમારા બીજા મિત્રો ને પણ
બોલાવશું."

થોડી વાર માં ત્યાં દસ કંસારી અવાજ
કરવા લાગી.

"થોભો!" ઉંદરે ચીસ પાડી.

"તમારું સંગીત બહુ ઘોંઘાટિયું છે!"

"શું તમારે હજી વધારે મોટેથી જોઈએ?"
એક કંસારી એ પૂછ્યું.

"તમે ઈચ્છો તો અમે હજી વધારે મોટેથી

અવાજ કરી શકીયે છીએ."



પછી દસેય કંસારી હજી વધારે
જોરથી અવાજ કરવા લાગી.



"કૃપા કરો!" ઉંદરે ચીસ પાડી. "મારે સૂવું છે.

મારી ઈચ્છા છે કે તમે બધા અહીં થી દૂર


જતા રહો."

"દૂર ચાલ્યા જઇયે?" એક કંસારી એ પૂછ્યું.

"તો તમે એ પહેલા કેમ ન કહ્યું?"

"અમે જતા રહેશું અને ક્યાંક બીજે જઈને અવાજ
કરશું,"

દસ કંસારી એ કહ્યું.



પછી એ ચાલ્યા ગયા

અને ક્યાંક બીજે જઈને ચીંચીં કરવા લાગ્યા.



એ પછી ઉંદર ફરી સૂઈ ગયો.



કાંટાળી ઝાડી

એક વૃદ્ધા એના ઘર ના દરવાજા પર આવી.
એ રડી રહી થી.
એક પોલીસકર્મી દોડીને આવ્યો.
"પ્રિય મહિલા," પોલીસકર્મી એ કહ્યું,
"તમે કેમ રડી રહ્યા છો?"
"અંદર આવ," વૃદ્ધ મહિલા એ કહ્યું.
"હું તને દેખાડું."





"એ ઝાડી ક્યાંથી આવી?" પોલીસકર્મી એ પૂછ્યું.

"મને ખબર નથી," વૃદ્ધ મહિલા એ કહ્યું. "એક દિવસ હું જયારે બેઠી તો કોઈ વસ્તુ મને વાગી.

હું ઉઠી ગઈ.

ત્યાં એક કાંટાળી ઝાડી હતી."

વૃદ્ધા એ કહ્યું, "જો, મારા બેઠકખંડ ની

ખુરશી પર એક કાંટાળી ઝાડી ઉગી આવી છે."



"બીચારી વૃદ્ધ મહિલા," પોલીસકર્મી એ કહ્યું.

"હું તમારી ખુરશી માં થી કાંટાળી ઝાડી ઉખેડી નાખીશ.

પછી તમે એના પર ફરી બેસી શકશો."

"નહીં!" વૃધ્ધા એ ચીસ પાડી.

"એવું નહીં કરતો!

હું બેસવા નથી ઇચ્છતી.

મેં મારુ આખું જીવન બેસી ને કાઢ્યું છે.

મને મારી કાંટાળી ઝાડી બહુ પસંદ છે.

હું એટલે રડી રહી છું કારણકે મારી ઝાડી બીમાર છે.



જુઓ?" બુઢ્ઢી મહિલા એ કહ્યું.

"એની બધી શાખાઓ સૂકાઈ રહી છે."

"કદાચ કાંટાળી ઝાડી ને તરસ લાગી હશે,"
પોલીસકર્મી એ કહ્યું.
"કદાચ એને પાણી ની જરૂર હોય."
વૃદ્ધા એ કહ્યું,
"મેં એના વિષે ક્યારેય વિચાર્યું જ નહીં."
એણે ખુરશી પર થોડું પાણી રેડયું.





કાંટાળી ઝાડી કંપવા અને હલવા લાગી.



એની શાખાઓ પર લીલા પાંદડા ઉગ્યા.



પાંદડા પાસે નાની-નાની કળીઓ ખીલી.



"આભાર, દયાળુ પોલીસભાઈ," વૃદ્ધા એ હર્ષ થી કહ્યું.

"તેં મારી કાંટાળી ઝાડી બચાવી છે!

તેં મારા ઘર ને સુંદર બનાવ્યું છે!"

એણે પોલીસકર્મી ને ચૂમ્યો અને એને ઘરે લઈ જવા માટે ગુલાબ ના ફૂલો નો એક મોટો ગુચ્છો આપ્યો.

કળીઓ ખુલી ગઈ.

અને એમાંથી મોટા ગુલાબ ના ફૂલ ખીલ્યા.





"એ બહુ સહેલું છે," ઉંદરે કહ્યું.
"બહાર જા અને મધપૂડો ગોત,
થોડો કાદવ,
બે મોટા પથ્થર,
દસ કંસારી,
અને એક કાંટાળી ઝાડી શોધ.
પછી પાછો આવીને એ બધું સૂપ માં નાખી દે."

"જુઓ," ઉંદરે કહ્યું.
"મેં તને ચાર વાર્તા સંભળાવી છે.
એ વાર્તાઓ તારા માઉસ સૂપ ને બહુ
સ્વાદિષ્ટ બનાવશે."
"ઠીક છે," નોળીયા એ કહ્યું, "પણ હું એ
વાર્તાઓ ને સૂપ માં કેવી રીતે નાખું?"



નોળિયો ઝડપથી બહાર ભાગ્યો.

એ દરવાજો બંધ કરવાનું ભૂલી ગયો.

નોળીયા ને મધપૂડો મળ્યો.

મધમાખી એ એને ઘણી વાર ડંખ માર્યા.





નોળીયા ને થોડો કાદવ મળ્યો.
પણ એ ભીનો અને ચીકણો હતો.

નોળીયા ને મળ્યા બે મોટા પથ્થર.
પણ એ બહુ ભારે હતા.



નોળીયા ને મળી દસ કંસારી.
પણ એને પકડવા માટે
એને છલાંગ મારવી પડી.





નોળીયા ને મળી એક કાંટાળી ઝાડી.
ઝાડીએ એને ચૂભ્યો અને ઉઝરડા
પાડયા.



પણ જયારે નોળિયો એના ઘરે પાછો ફર્યો તો એને બહુ આશ્ચર્ય થયું.

ખાવાનું બનાવવાનું વાસણ ખાલી હતું.



"હવે મારુ માઉસ સૂપ ખરેખર બહુ સ્વાદિષ્ટ બનશે!"નોળીયા એ કહ્યું.



ઉંદર ફ્રૂદી ને સુરક્ષિત રીતે
એના ઘરે ચાલ્યો ગયો હતો.



એણે આગ પેટાવી,
એણે રાત નું ભોજન કર્યું,



અને પછી એની
ચોપડી પૂરી કરી.